ISO 9001
BUREAU VERITAS
Certification

Tatva Chintan Pharma Chem Limited

(CIN:L24232GJ1996PLC029894)

TATVA CHINTAN

Date: 20 October 2026 Ref. No.: TCPCL/SEC/2026-27/00058

To,

The General Manager,
Corporate relationship department,
BSE Limited
Phiroze Jeejeebhoy Towers,
Dalal Street, Fort,
Mumbai-400 001
Scrip Code: 543321

The Manager,
Listing department,
National Stock Exchange of India Limited
Exchange Plaza, C-1, Block-G,
Bandra-Kurla Complex, Bandra(E),
Mumbai-400 051
Scrip Symbol: TATVA

Subject: Newspaper Publication of extract of financial results of the Company

Dear Sir/Madam,

Pursuant to regulation 30 and 47 of the Securities and Exchange Board of India (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, as amended, we are enclosing herewith copies of newspaper publication of extract of financial results of the Company for the quarter and half year ended 30 September 2026, published in Financial Express (English edition) and Vadodara Samachar (Gujarati edition) on 20 October 2026.

The above information shall be made available on the website of the Company at www.tatvachintan.com.

Kindly take the same on record and disseminate to the public at large.

Thanking you,

Yours faithfully,
For Tatva Chintan Pharma Chem Limited

ISHWAR RAMANBHAI NAYI
Digitally signed by ISHWAR RAMANBHAI NAYI
Date: 2026.10.20 11:23:27 +05'30'

Ishwar Nayi
Company Secretary and Compliance Officer
M. No.: A37444

Encl.: As above

Hero Housing Finance Limited

HeroHousing Finance

Registered office : 9, Community Centre, Basant Lok, Vasant Vihar, New Delhi - 110057
CIN : U65192DL2016PLC301481 | **Website :** www.herohousingfinance.com
Tel. No : 011-49487150 | **Email :** investors@herohfl.com

STATEMENT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND HALF YEAR ENDED 30 SEPTEMBER 2026

(All amounts in Rupees crores unless otherwise stated)

Sl. No.	Particulars	Quarter ended		Year ended
		30 September 2026	30 September 2025	31 March 2026
		(Unaudited)	(Audited)	(Audited)#
1	Total income from operations	227.21	205.56	842.35
2	Net profit/(loss) for the period (before tax, exceptional and/or extraordinary items#)	37.50	26.12	117.34
3	Net profit/(loss) for the period before tax (after exceptional and/or extraordinary items#)	37.50	26.12	112.68
4	Net profit/(loss) for the period after tax (after exceptional and/or extraordinary items#)	26.79	18.37	80.49
5	Total comprehensive income/(loss) for the period [Comprising profit/(loss) for the period (after tax) and other comprehensive income (after tax)]	34.58	17.84	85.79
6	Paid up equity share capital	693.35	631.24	692.67
7	Reserves (excluding revaluation reserve)	496.32	249.34	442.49
8	Securities Premium Account	318.10	178.69	317.76
9	Net worth	1,189.67	880.58	1,135.16
10	Paid up debt capital/outstanding debt	6,501.56	5,724.75	5,960.10
11	Outstanding Redeemable Preference Shares	-	-	-
12	Debt equity ratio	5.47	6.50	5.25
13	Earnings Per equity share (of Rs. 10/- each)(for continuing and discontinued operations)			
	i). Basic :*	0.39	0.29	1.23
	ii). Diluted :*	0.39	0.29	1.23
14	Capital Redemption Reserve	N.A.	N.A.	N.A.
15	Debenture Redemption Reserve	N.A.	N.A.	N.A.
16	Debt Service Coverage Ratio	N.A.	N.A.	N.A.
17	Interest Service Coverage Ratio	N.A.	N.A.	N.A.

*not annualised for the quarter and half-year ended

#Exceptional and/ or Extraordinary items adjusted in the Statement of Profit and Loss in accordance with applicable Ind AS Rules.

Notes:

a) The above is an extract of the detailed format of quarterly and half yearly financial results filed with the National stock exchange of India Limited ('stock exchange') under Regulation 52 of the Securities and Exchange Board of India (Listing obligations & Disclosure Requirements) Regulations 2015 ('SEBI (LODR) Regulations, 2015'), as amended from time to time. The full format of the quarterly and half yearly financial results are available on the website of the stock exchange at **https://nseindia.com** and the Company at **https://www.herohousingfinance.com/investor-relations/financial performance.**

b) For the other line items referred in Regulation 52 (4) of the SEBI (LODR) Regulations, 2015, as amended from time to time, pertinent disclosures have been made to the website of stock exchange i.e National Stock Exchange of India Limited and can be accessed at **https://nseindia.com** and the Company at **https://www.herohousingfinance.com/investor-relations/financial-performance.**

c) The financial results of the Company have been prepared in accordance with recognition and measurement principles laid down in Indian Accounting Standard 34 "Interim Financial Reporting" ('IND AS 34') as prescribed under Section 133 of the Companies Act, 2013 ('the Act') read with Rule 3 of the Companies (Indian Accounting Standards) Rule, 2015 as amended from time to time and relevant rules issued thereunder and the other recognized accounting practices and polices generally accepted in India and in compliance with regulation 52 of SEBI (LODR) Regulations, 2015, as amended from time to time.

d) The financial results have been reviewed by the Audit Committee and approved by the Board of Directors of the Company at its meeting held on October 19, 2026.

For and on behalf of the Board
Sd/-
Apul Nayyar
Director (Whole Time Director- Executive) & CEO

Place: Gurugram
Date: October 19, 2026

AERPACE INDUSTRIES LIMITED

aerpace

Regd. Office: A-1005, Kanakia Wall Street, Andheri Kurla Road, Andheri East, Mumbai, Maharshtra,India, 400093
CIN: L29109MH2011PLC214373
Tel: 022-69245000 **Email:** info@aerpace.com **Website:** www.aerpace.com

EXTRACT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND HALF ENDED SEPTEMBER 30, 2026

Sl. No.	Particulars	Standalone					Consolidated				
		Quarter Ended		Half Year ended		Year Ended	Quarter Ended		Half Year ended		Year Ended
		Unaudited	Unaudited	Unaudited	Unaudited	Audited	Unaudited	Unaudited	Unaudited	Unaudited	Audited
		30.09.2026	30.09.2025	30.09.2026	30.09.2025	31.03.2026	30.09.2026	30.09.2025	30.09.2026	30.09.2025	31.03.2026
1	Total Income from operations	116.67	92.55	254.26	193.97	403.96	23.01	2.06	47.87	15.98	22.13
2	Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items#)	(555.05)	(196.80)	(916.84)	(331.57)	(1222.54)	(592.40)	(351.09)	(1014.19)	(535.18)	(1674.97)
3	Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items#)	(551.05)	(196.80)	(916.84)	(331.57)	(1222.54)	(592.40)	(351.09)	(1014.19)	(535.18)	(1674.97)
4	Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items#)	(551.10)	(190.19)	(907.01)	(318.61)	(1200.28)	(588.81)	(344.86)	(1004.26)	(521.53)	(1650.30)
5	Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)]	(550.89)	(188.33)	(906.58)	(316.75)	(1199.43)	(588.52)	(342.99)	(1003.68)	(519.67)	(1649.13)
6	Equity Share Capital	1538.58	1538.58	1538.58	1538.58	1538.58	1538.58	1538.58	1538.58	1538.58	1538.58
7	Reserves (excluding Revaluation Reserve as shown in the Balance sheet of Previous year)	-	-	-	-	-	-	-	-	-	2220.95
8	Earnings Per Share (of RE. 1/- each) (Adjusted, not Annualised)										
	Basic:	(0.36)	(0.12)	(0.59)	(0.21)	(0.78)	(0.38)	(0.22)	(0.65)	(0.34)	(1.07)
	Diluted:	(0.36)	(0.12)	(0.59)	(0.21)	(0.78)	(0.38)	(0.22)	(0.65)	(0.34)	(1.07)

The Company does not have any Exceptional and Extraordinary item to report for the above periods.

Notes:

1. The above Audited Standalone and Consolidated Financial Results as reviewed by the Audit Committee were approved by the Board of Directors at their meeting held on October 19, 2026.
2. The above is an extract of the detailed format of the Statements of Audited Standalone and Consolidated Financial Results filed with the Stock Exchange under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The Full format of the Statements of Audited Standalone and Consolidated Financial Results are available on the Stock Exchange website (www.bseindia.com) and on the Company's website (www.aerpace.com)

For and on behalf of Board of Directors of
Aerpace Industries Limited
sd/-
Anand Manoj Shah
Managing Director & CFO
DIN: 11709310

Place: Mumbai
Date: 20.10.2026

TATVA CHINTAN PHARMA CHEM LIMITED

TATVA CHINTAN

CIN: L24232GJ1996PLC029894
Registered Office : Plot No. 502 / 17, GIDC Estate, Ankleshwar, Dist. Bharuch, Gujarat - 393 002
Website : www.tatvachintan.com **E-mail :** cs@tatvachintan.com **Tel. No. :** +91 75748 48533

EXTRACT OF CONSOLIDATED STATEMENT OF FINANCIAL RESULTS FOR THE QUARTER AND HALF YEAR ENDED 30 SEPTEMBER 2026

(Currency: Indian Rupees in Million, except per share data)

Sr. No.	Particulars	Quarter ended			Half year ended		Year ended
		30.09.2026 (Unaudited)	30.06.2026 (Unaudited)	30.09.2025 (Unaudited)	30.09.2026 (Unaudited)	30.09.2025 (Unaudited)	31.03.2026 (Audited)
1.	Total income from operations	2,173.20	1,670.55	1,235.16	3,843.75	2,403.80	5,058.58
2.	Net profit / (loss) for the period (before tax, exceptional and / or extraordinary items)	289.40	224.29	136.63	513.69	227.64	570.09
3.	Net profit / (loss) for the period before tax (after exceptional and / or extraordinary items)	289.40	211.11	136.63	500.51	227.64	570.09
4.	Net profit / (loss) for the period after tax (after exceptional and / or extraordinary items)	214.51	159.81	99.17	374.32	165.68	420.54
5.	Total comprehensive income / (expenses) for the period [comprising profit / (loss) for the period (after tax) and other comprehensive income / (expenses) (after tax)]	219.08	156.62	106.42	375.70	179.03	452.74
6.	Equity share capital	233.92	233.92	233.92	233.92	233.92	233.92
7.	Reserves (excluding revaluation reserve) as shown in the audited balance sheet of the previous year	-	-	-	-	-	7,583.67
8.	Earnings per share (of Rs. 10/- each) (not annualised)						
	- Basic:	9.17	6.83	4.24	16.00	7.08	17.98
	- Diluted:	9.17	6.83	4.24	16.00	7.08	17.98

KEY NUMBERS OF STANDALONE STATEMENT OF FINANCIAL RESULTS FOR THE QUARTER AND HALF YEAR ENDED 30 SEPTEMBER 2026

(Currency: Indian Rupees in Million)

Sr. No.	Particulars	Quarter ended			Half year ended		Year ended
		30.09.2026 (Unaudited)	30.06.2026 (Unaudited)	30.09.2025 (Unaudited)	30.09.2026 (Unaudited)	30.09.2025 (Unaudited)	31.03.2026 (Audited)
1.	Total income from operations (Net)	2,074.84	1,467.02	1,158.63	3,541.86	2,250.43	4,962.96
2.	Net profit / (Loss) before tax (before exceptional items)	204.37	154.12	123.43	358.49	193.97	531.65
3.	Net profit / (Loss) before tax (after exceptional items)	204.37	140.94	123.43	345.31	193.97	531.65
4.	Net profit / (Loss) after tax	153.87	104.46	89.41	258.33	140.74	390.82
5.	Total comprehensive income / (expenses)	154.33	104.92	88.72	259.25	139.35	392.56

Notes:

a) The Consolidated & Standalone Financial Results for the quarter and half year ended 30 September 2026, were reviewed by the Audit Committee and approved by the Board of Directors in their respective meetings held on 19 October 2026.

b) The above is an extract of the detailed format of Financial Results for the quarter and half year ended 30 September 2026, filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 as amended. The full format of Financial Results for the quarter and half year ended 30 September 2026, are available on the websites of the Stock Exchanges i.e. BSE Limited and National Stock Exchange of India Limited at www.bseindia.com and www.nseindia.com respectively and also on the Company's website at www.tatvachintan.com. The same can be accessed by scanning the QR Code provided below.

c) Figures for the previous periods / year have been reclassified / rearranged / regrouped to conform to classification of current period, wherever necessary.

For and on behalf of the Board of Directors of
Tatva Chintan Pharma Chem Limited
Sd/-
Chintan N. Shah
Chairman and Managing Director
DIN: 00183618

Place : Vadodara, Gujarat, India.
Date : 19 October 2026

સાવલીની ગુજરાત હોમિયોપેથિક કોલેજમાં ભારે વિવાદ: વાયવામાં ઓછા માર્ક્સ અને ડિપોઝિટ પરત ન આપવાના આક્ષેપ

● સાવલી, તા. ૧૯

સાવલીની ગુજરાત હોમિયોપેથિક મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલ માં વિધાર્થી ઓ ના ઓછા માર્ક્સ અને ડિપોઝિટ ના નાણાં પરત ન કરવા નો વિધાર્થી ઓ દ્વારા આક્ષેપ કરવામાં આવતા વિવાદ સર્જાયો છે

સાવલી ખાતે આવેલ ગુજરાત હોમિયોપેથીક મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલ માં વાયવામાં પૂરતા માર્ક્સ ન આપ્યાનો ખુશ્બુ ગોસ્વામી નામની વિદ્યાર્થિની એ આક્ષેપ લગાવ્યો છે અને મેડિકલ કોલેજની એક વિદ્યાર્થિનીએ વાયવા (મૌખિક પરીક્ષા)માં પૂરતા માર્ક્સ ન આપવામાં આવ્યા હોવાના ગંભીર આક્ષેપો ના મુદ્દે ચર્ચા જાગી છે. આ મામલે વિદ્યાર્થિનીના આક્ષેપોને પગલે કોલેજના વહીવટી તંત્ર સામે સવાલો ઊભા થયા છે.

વિદ્યાર્થિનીના આક્ષેપો અંગે કોલેજના પ્રિન્સિપાલનો પક્ષ જાણવા માટે મીડિયા દ્વારા તેમનો સંપર્ક કરવામાં આવ્યો હતો. આ સમગ્ર ઘટનાના વીડિયો પણ સામે આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

બીજી તરફ, પ્રિન્સિપાલ તેજસ શેઠ ને પૂછતા જણાવ્યું હતું કે વિદ્યાર્થિની દ્વારા કરવામાં આવેલા આક્ષેપોને પાયાવિહોણા ગણાવ્યા હતા. વધુમાં, પ્રિન્સિપાલે સરકાર દ્વારા કોલેજને ગ્રાન્ટ આપવામાં આવતી ન હોવાનો પણ દાવો કર્યો છે. જોકે, સરકાર તરફથી ગ્રાન્ટ અંગે કરવામાં માંગણી કરવામાં આવી છે પરંતુ સરકાર પાસે ગ્રાન્ટ નથી આપવામાં આવી તેવું જણાવ્યું હતું

હવે આ સમગ્ર મામલે વિદ્યાર્થિનીના આક્ષેપો, પ્રિન્સિપાલનો ખુલાસો, સરકાર તરફથી ગ્રાન્ટ ન મળતી હોવાના દાવા ના પગલે અનેક સવાલો ઊભા થયા છે.

વિદ્યાર્થીઓના શૈક્ષણિક પ્રશ્નોનો યોગ્ય ઉકેલ આવે, કોલેજના વહીવટ અંગે પારદર્શિતા અંગે સવાલ ઊભા થયા છે

કેટલાક લોકોને પ્રવેશ બાબતે બાઉન્સો સાથે તકરાર થયા બાદ મારામારીના દ્રશ્યો સર્જાયા

અમદાવાદના સેપ્ટ મંડળી ગરબામાં પ્રવેશ બાબતે હિંસક અથડામણ, તલવાર અને ધોકા ઊછળ્યા

● અમદાવાદ, તા.૧૯

અમદાવાદ નજીક સાંતેજના ખાત્રજ-કલોલ રોડ પર આવેલા પ્રચલીત 'સેપ્ટ મંડળી' ગરબા મહોત્સવમાં સિક્યુરિટી ગાર્ડ્સ અને ગરબા જોવા આવેલા લોકો વચ્ચે હિંસક અથડામણ થઈ છે. ગરબા ગ્રાઉન્ડની બહાર લાકડીઓ અને ખુલ્લી તલવારો સાથે મારામારીના ફિલ્મી દ્રશ્યો સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે. ઘટનાને પગલે ખેલૈયાઓની સુરક્ષા અને નવરાત્રિ દરમિયાનની વ્યવસ્થા સામે સવાલો ઊભા થયા છે. પ્રાથમિક માહિતી મુજબ, કેટલાક લોકો ગરબા ગ્રાઉન્ડમાં પાસ વગર પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા હતા. સિક્યુરિટી સ્ટાફે તેમને રોકતાં બંને પક્ષો વચ્ચે બોલાચાલી થઈ હતી, જે બાદમાં મારામારીમાં ફેરવાઈ હોવાનો દાવો છે. ગરબાના મેદાનમાં ખુલ્લી તલવારો અને ધોકા ઊછળતા જોઈને કેટલીક મહિલાઓ ગભરાઈ ગઈ હતી. આમ અમદાવાદના બહારના વિસ્તારોમાં યોજાતા કોમર્શિયલ ગરબાના આયોજકો અને સુરક્ષા બાબતે પણ ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગ્રાઉન્ડમાં પ્રવેશને લઈને થયેલી બબાલ દરમિયાન લાકડીઓ અને તલવારો બહાર આવતાં મંડલી ગરબામાં તંગદીલીનો માહોલ જોવા મળ્યો હતો. સોશિયલ મીડિયા પર વાયરલ વીડિયોમાં થયેલી ઘટનાને લઈને આ હિંસક અથડામણ ટોક ઓફ ધ ટાઉન બની હતી. ઘટનાની જાણ થતા સાંતેજ પોલીસ અને ગાંધીનગર જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમો સ્થળે પહોંચી હતી. થોડીવાર બાદ સ્થિતિ કાબૂમાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

આ મામલે સાંતેજ પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવેલી ફરિયાદ મુજબ રાંચરડા ગામે રહેતા વેપારી મૌલીક રશ્મીજી ઠાકોર તેમના ભાઈ તુષાર ઠાકોર અને નવ-દસ મિત્રો સેપ્ટ મંડલી ગરબામાં આઠમના ગરબા જોવા ગયા હતા. જ્યાં એન્ટ્રી ગેટ પર બાઉન્સરો સાથે કોઈ વાતને લઈને માથાકૂટ થઈ હતી. બાદમાં ત્યાં હાજર બે સરદારજી બાઉન્સરો તલવાર કાઢીને તેની પાછળની મૂઠ મોલીક ઠાકોરને માથામાં વાગતા લોહી નિકળા લાગ્યું હતું. થોડીવારમાં દસેક સરદારજી બાઉન્સરો દોડી આવ્યા હતા અને તેમના હાથમાં તલવારો તથા લાકડાના ધોકા તથા સાંકળો હોવાનો આક્ષેપ ફરિયાદીએ કર્યો છે. આ અથડામણમાં ગરબા જોવા આવેલા ફરિયાદી સહિતના અડધો ડઝન જેટલા લોકો ઘાયલ થયા હતા જેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પોલીસે આ મામલે અજાણ્યા સિક્યુરિટી બાઉન્સરો વિરુદ્ધ ફરિયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે. ક્યા કારણથી મામલો ઉગ્ર બન્યો અને હિંસામાં પરિણમ્યો તેની પોલીસ ઝીણવટપૂર્વક તપાસ કરી રહી છે.

શીલજમાં ગરબામાં બબાલ બાદ મારામારી

શીલજમાં મહેન્દ્ર ફાર્મ ખાતે સાયબો ગરબા નામથી નવરાત્રિ ગરબામાં પણ બબાલ બાદ સમાધાનના બહાને મારામારી થઈ હોવાની ઘટના સામે આવી છે. આલોક પ્રવિણકુમાર ભોઈએ તેમના કેટલાક મિત્રો સાથે મળીને આ ગરબાનું આયોજન કર્યુ હતું. ૧૮ ઓક્ટોબરના રોજ ગરબામાં કોઈને માથાકૂટ થઈ હોવાનું એક યુવકે તેમને જણાવ્યું હતું. આલોકભાઈએ ત્યાં પહોંચીને કેટલાક લોકોને બહાર લઈ જઈ સમજાવવા પ્રયાસ કર્યો હતો. ગરબામાં વિક્ષેપ ના પડે તે માટે સિક્યુરિટી સાથે બહાર લઈ જઈ વાતચીત ચાલી રહી હતી ત્યારે પાર્થ બારોટ નામા શખસે તેમા મિત્રોને બોલાવ્યા હતા. થોડીવારમાં એક ગાડીમાં ટોળું આવ્યું હતું અને આલોકભાઈ તથા તેના મિત્ર યથ પાલા પર ગડબા-પાટુ તથા લોખંડના સળિયા વડે હુમલો કર્યો હતો. આ અથડામણમાં ઈજા પામેલા બંને શખસોને ઝાયડસ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ અંગે બોપલ પોલીસે ગુનો નોંધીને કાર્યવાહી હાથ ધરી છે.

જાગૃતિ' ની જ્યોતમાં નિરંકારી સંત સમાગમ ની તૈયારીઓ અંતિમ તબક્કામાં

● વડોદરા, ૧૯, ઓક્ટોબર-૨૬

- જ્યાં બ્રહ્મજ્ઞાનથી ચેતના જાગૃત થાય, પ્રેમથી હૃદય આલોકિત થાય અને સેવા જીવનનો સંકલ્પ બની જાય, ત્યાં સંત સમાગમ આત્મિક જાગૃતિનો એવો પાવન ઉત્સવ બની જાય છે, જે મનુષ્યને પોતાની અંદર જોવા અને પરમાત્મા સાથે જોડાવાની પ્રેરણા આપે છે.

આજ દિવ્ય ભાવ અને આધ્યાત્મિક ચેતનાને સાકાર કરતાં, સદગુરુ માતા સુદીક્ષાજી મહારાજ અને નિરંકારી રાજપિતા રમિતજી ની પાવન છત્રછાયામાં ૭૯મો વાર્ષિક નિરંકારી સંત સમાગમ ૨૩ થી ૨૬ ઑક્ટોબર,૨૦૨૬ સુધી સંત નિરંકારી આધ્યાત્મિક સ્થળ, સમાલખા ખાતે આયોજિત થવા જઈ રહ્યો છે. દેશ-વિદેશથી હજારો શ્રદ્ધાળુઓ આ પાવન અવસરે એકત્રિત થઈને સત્સંગ, સેવા, પ્રેમ અને ભક્તિના આ દિવ્ય મિલનમાં સહભાગી બનશે.

શ્રદ્ધાળુઓની વધતી સહભાગિતા સાથે સમાગમ સ્થળની તૈયારીઓ હવે અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. સંતોની નિ:સ્વાર્થ સેવા, પરિશ્રમ અને સમર્પણથી સામાન્ય જેવું લાગતું મેદાન આજે એક દિવ્ય આધ્યાત્મિક નગરીનું સ્વરૂપ ધારણ કરી ચૂક્યું છે. વિશાળ પંડાલોમાં શ્રદ્ધાળુઓ માટે સુવ્યવસ્થિત વ્યવસ્થાઓ કરવામાં આવી છે. સાથે જ, અત્યાધુનિક એલ.ઈ.ડી. સ્ક્રીન સ્થાપિત કરવામાં આવી રહી છે, જેથી પરિસરના દરેક ખૂણે બેઠેલા શ્રદ્ધાળુઓ પ્રેરણાદાયક પ્રવચનો, ભાવપૂર્ણ ભજનો અને આધ્યાત્મિક વિચારોને સહજતાથી જોઈ-સાંભળી શકે અને સત્સંગની ભાવધારા સાથે એકરૂપ થઈ શકે.

આ સંત સમાગમ માત્ર એક વાર્ષિક આયોજન નથી, પરંતુ બ્રહ્મજ્ઞાન, ભક્તિ, સમર્પણ અને આત્મિક જાગૃતિનો પાવન સંગમ છે. અહીં શ્રદ્ધાળુઓ પોતાની અંત:ચેતનાને જાગૃત કરવા, પરમાત્મા સાથેના પોતાના સંબંધને અનુભવવા તેમજ વિશ્વબંધુત્વ, સૌહાર્દ અને નિ:સ્વાર્થ સેવા જેવા માનવીય મૂલ્યોને જીવનમાં આત્મસાત કરવાની પ્રેરણા મેળવે છે. સંત સમાગમની આજ ભાવના મનુષ્યને બાહ્ય ઉપલબ્ધિઓથી આગળ વધીને પોતાની અંદરની સમૃદ્ધિને ઓળખવાનો અવસર પૂરો પાડે છે.

સમાગમની ભવ્યતામાં શ્રદ્ધાળુ ભક્તો દ્વારા નિર્મિત મુખ્ય સ્વાગત દ્વાર વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. પોતાની અનુપમ કલાત્મકતા અને ભવ્ય સ્વરૂપ સાથે આ દ્વાર સમાગમની આધ્યાત્મિક ગરિમાને અભિવ્યક્ત કરે છે. આ માત્ર એક સ્વાગત સંરચના નથી, પરંતુ સેવા, સમર્પણ, સૃજનશીલતા અને સામૂહિક શ્રદ્ધાની સાકાર અભિવ્યક્તિ છે. શ્રદ્ધાળુઓની વધતી સહભાગિતા સાથે તેનું સ્વરૂપ પણ સતત વિસ્તાર અને ભવ્યતા પ્રાપ્ત કરતું જાય છે. તેની દિવ્ય આભા માનો દરેક આગંતુકનું પ્રેમ, અપનત્વ અને સમભાવ સાથે હાર્દિક અભિનંદન કરતી હોય અને સંત સમાગમના માનવીય સંદેશને પ્રદર્શિત કરી રહી હોય.

૭૯મો વાર્ષિક નિરંકારી સંત સમાગમ પ્રેમ, ભક્તિ અને આત્મિક જાગૃતિની તે પાવન ધારા સાથે જોડાવાનો અવસર છે, જે જીવનને અંદરથી પ્રકાશિત કરવાની પ્રેરણા આપે છે. આ દિવ્ય આધ્યાત્મિક મિલનમાં તમામ સજ્જન મહાત્માઓ અને શ્રદ્ધાળુ ભક્તોનું સાદર સ્વાગત છે.

નાગરિકોને સ્વચ્છ, ગુણવત્તાયુક્ત અને સુરક્ષિત આહાર પૂરો પાડવાના ઉદ્દેશ્ય સાથે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર અને NASVI એજન્સીનો સંયુક્ત પ્રયાસ : તાલીમાર્થીઓને વિનામૂલ્યે હાઇજીન કિટ અને ફૂડ સેફ્ટી સર્ટિફિકેટ એનાયત કરાયા

વડોદરા જિલ્લામાં સ્ટ્રીટ ફૂડ વેન્ડર્સ માટે બે દિવસીય વિનામૂલ્યે 'FoSTaC' તાલીમ કાર્યક્રમ સંપન્ન: ૨૦૦ ખાદ્ય વ્યવસાયકારોએ તાલીમ લીધી

● વડોદરા, તા.૧૯

વડોદરા જિલ્લાના નાગરિકોને શુદ્ધ, આરોગ્યપ્રદ અને સુરક્ષિત આહાર મળી રહે તેવા ઉમદા આશય સાથે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, વડોદરા જિલ્લાના સહયોગથી Nestlé ઈન્ડિયાના આર્થિક સૌજન્યથી NASVI એજન્સી દ્વારા સ્ટ્રીટ ફૂડ વેન્ડર્સ માટે બે દિવસીય વિનામૂલ્યે 'ફૂડ સેફ્ટી ટ્રેનિંગ એન્ડ સર્ટિફિકેશન' (FoSTaC) તાલીમ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. વડોદરા જિલ્લાના જુદા-જુદા વિસ્તારોમાં યોજાયેલા આ વિશેષ તાલીમ સત્રમાં અંદાજે ૨૦૦ જેટલા નાના ખાદ્ય વ્યવસાયકારોએ (FBOs) ઉત્સાહભેર ભાગ લઈ ગુણવત્તાયુક્ત માર્ગદર્શન મેળવ્યું હતું.

આ દ્વિ-દિવસીય તાલીમ કાર્યક્રમ અંતર્ગત પ્રથમ ચરણમાં ગત તા. ૧૫ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ ડભોઈ તાલુકાના ચાણોદ સ્થિત શ્રી વત્સ ભવન, બાલાજી મંદિર, ચક્રપાણી ઘાટ ખાતે શિબિર યોજાઈ હતી. જ્યારે બીજા ચરણમાં તા. ૧૬ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ વાઘોડિયા ખાતે પારુલ યુનિવર્સિટી નજીક આવેલ તંદુર હોલ ખાતે તાલીમ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. બંને નિયત સ્થળોએ ૧૦૦-૧૦૦ વેપારીઓ મળી કુલ ૨૦૦ ખાદ્ય વ્યવસાયકારોએ ઉપસ્થિત રહીને આ પ્રોફેશનલ તાલીમનો લાભ લીધો હતો.

આ તાલીમ શિબિરનો મુખ્ય હેતુ સ્થાનિક સ્તરે સ્ટ્રીટ ફૂડ વેન્ડર્સમાં ખાદ્ય સુરક્ષા, જાહેર સ્વચ્છતા, વ્યક્તિગત હાઈજીન તેમજ સેફ ફૂડ હેન્ડલિંગ અંગે જાગૃતિ લાવવાનો હતો. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત સત્તાવાર FoSTaC ટ્રેનર્સ અને ફૂડ સેફ્ટી વિભાગના વરિષ્ઠ અધિકારીઓ દ્વારા વેપારીઓને ખાદ્ય સામગ્રીની વૈજ્ઞાનિક ઢબે યોગ્ય જાળવણી કરવા, રસોઈ અને વેચાણના સ્થળે ચુસ્ત સ્વચ્છતા જાળવવા, સુરક્ષિત રીતે ખોરાક તૈયાર કરવા તેમજ ગ્રાહકોના સ્વાસ્થ્યની રક્ષા કાજે ગુણવત્તાયુક્ત આહાર પીરસવા અંગે ઝીણવટભર્યું માર્ગદર્શન અને સચોટ નિર્દેશો આપવામાં આવ્યા હતા.

મનરેગાના શ્રમિકોને બાકી ચૂકવણી કરવા શકિતસિંહ ગોહીલની માંગ

● અમદાવાદ, તા. ૧૯

ગુજરાતમાં ખૂબ મહેનતકશ પરસેવો પાડીને કામ કરનારા મનરેગાના શ્રમિકોના કરોડો રૂપિયા ૨૦ જૂન ૨૦૨૬થી નહીં ચૂકવાયા બાબતનો મુદ્દો પ્રેસ અને મીડિયા સમક્ષ ઉઠાવતા કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે કોઈપણ રાષ્ટ્રના વિકાસના ચમકતા કંગુરા ત્યારે જ સંભવ બને છે કે જ્યારે પાયામાં પરસેવો પાડનાર શ્રમિકોની અથાક શક્તિ પડેલી હોય છે. તેમણે કહ્યું કે ભાવનગર જિલ્લાનો જ દાખલો લઈએ તો ભાવનગર જિલ્લામાં જે શ્રમિકોએ કામ કર્યું છે અને ચુકવણું નથી થયું તેવી રકમ બે કરોડ છાસઠ લાખ એક હજાર આઠસો પચાસ રૂપિયા મજદૂરોના ચૂકવ્યા વગરના છેલ્લાએ કેટલાય મહિનાઓથી બાકી છે. આજ મનરેગામાં કામ કરનારા સુપરવાઈઝરો કે જેને મેટ તરીકે ઓળખવામાં આવે છે તેમના માત્ર ભાવનગર જિલ્લામાં જ એક કરોડ ચુંમાલીસ હજાર ત્રણસો તેર રૂપિયા બાકી છે.ભાવનગર જિલ્લામાં જે મજૂરોએ કામ મનરેગા યોજના હેઠળ કરેલું છે તેવા શ્રમિકોનું પેમેન્ટ ૧૫ દિવસમાં જ થઈ જવું જોઈએ તેવી કાયદાની જોગવાઈ છે આમ છતાં ભાવનગર જિલ્લામાં આ ચુકવણાઓ આજ દિન સુધી થયેલા નથી. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ભાવનગરના નિયામકશ્રીએ તાલુકા વાર જે લાખો રૂપિયા બાકી છે તેની વિગતો પણ આ પત્રમાં લખીને કહ્યું હતું કે શ્રમિકો તરફથી આંદોલન અને આત્મહત્યાની ચીમકી પણ આપવામાં આવે છે.

કોંગ્રેસ પક્ષ તરફથી શક્તિસિંહ ગોહિલે આજ દિન સુધી કુલ રૂ. ૪૩૪૪૪૯૫૦૭ ફંડ ટ્રાન્સફર ઓર્ડર પેન્ડિંગ છે ત્યારે તુરંત જ સમગ્ર ગુજરાતમાં શ્રમિકોના મનરેગા યોજનામાં બાકી રહેલા નાણાં ચૂકવી દેવામાં આવે, મનરેગા કાયદાની જોગવાઈ ૧૫ જ દિવસમાં નાણાં ચૂકવવાની હોવા છતાં ચાર-ચાર મહિના સુધી શ્રમિકોને નાણાં ન મળ્યા તે માટે જવાબદાર હોય તેની જવાબદારી ફિક્સ કરી તેની સામે ક્રિમિનલ કેસ કરવામાં આવે, વિલંબથી પેમેન્ટ બદલ શ્રમિકોને વ્યાજ ચૂકવવામાં આવે, શ્રમિકોનું શ્રમિકોના અધિકારના નાણાં કે જે કાયદા મુજબ ૧૫ જ દિવસ મળવા જોઈએ તે ચાર-ચાર મહિના સુધી હજી નથી મળ્યા તે માટે સરકાર ગુજરાત સરકાર શ્રમિકોની માફી માંગે તેવી માંગ કરી છે. તેમણે જે શ્રમિકોએ આત્મહત્યાની જાહેરાત કરી છે તેમને અનુરોધ છે કે, આ પ્રકારનું કોઈ પણ અંતિમ પગલુ ન ભરે તેવી પણ વિનંતી કરી છે.

વિજયાદશમીની શુભકામનાઓ પાઠવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

● અમદાવાદ,તા.૧૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિજયાદશમી પર્વની સૌ નાગરિકોને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે. વિજયાદશમીનું આ પર્વ અસુરી શકિત પર દૈવીશક્તિનાં વિજયનું ઉમંગ પર્વ છે તેમ તેમણે વિજયા દશમી પર્વ ની શુભકામનાઓ પાઠવતાં જણાવ્યું છે.

દશેરાનું આ પર્વ અસત્ય પર સત્ય, અધર્મ પર ધર્મ ના વિજયનું પર્વ છે તેમ જણાવતા મુખ્યમંત્રીએ આ ઉત્સવને મનુષ્યની ભીતર રહેલા આંતરિક શત્રુઓ અને નકારાત્મકતા પરનો વિજયોત્સવ ગણાવ્યો છે.શક્તિની ભક્તિના નવરાત્રી ઉત્સવ પછી આવતું આ વિજયાદશમી પર્વ સમાજમાં સદભાવના-સમરસતા, સૌહાર્દ, પરસ્પર પ્રેમ તથા બંધુતા અને સૌના સાથ, સૌના વિકાસની નેમ પાર પાડનારૂં બને તેવી અપેક્ષા પણ તેમણે વ્યકત કરી છે.

મંગળવારે વિજયાદશમીનું પર્વ

ભાડજ મંદિર ખાતે ૬૦ ફૂટ ઊંચા રાવણ દહન માટેની તડામાર તૈયારીઓ કરાઇ

● અમદાવાદ, તા.૧૯

અમદાવાદમાં દશેરા નિમિત્તે રાવણ દહનની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. અમદાવાદમાં આવેલા ભડાજ ખાતેના હરે કૃષ્ણ મંદિર ખાતે છેલ્લા ૪૦ દિવસથી રાવણ દહનની તૈયારીઓ ચાલી રહી છે. દર વર્ષની માફક આ વર્ષે ભાડાજ મંદિર ખાતે આવતીકાલે મંગળવારે (૨૦મી ઓક્ટોબર) સાંજે સાત વાગે રાવણ દહન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે મંદિર દ્વારા ૬૦ ફૂટ ઊંચા રાવણનું દહન કરવામાં આવશે. રાવણ દહન સાથે મેઘનાથ અને કુંભકરણના પૂતળા દહન પણ યોજાવાનું છે. રાવણ દહનનો ભવ્ય કાર્યક્રમ યોજવવામાં આવશે, જેમાં અંદાજે ૧૦ હજરથી વધુ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહેશે. અસત્ય પર સત્યના વિજયની ઉજવણીની તૈયારીઓ જોઈ લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

અમદાવાદના વિવિધ વિસ્તારોમાં રાવણ દહન માટે વિશાલ પૂતળા તૈયાર કરવામાં આવી રહ્યા છે. ભાડ જ મંદિરના પ્રભુજી શ્યામચરણ દાસના જણાવ્યા અનુસાર છેલ્લા ૧૧ વર્ષની ભાડજ મંદિર ખાતે રાવણ દહન કાર્યક્રમ આયોજન કરવામાં આવે છે. જેમાં પ્રથમ રામલીલાનું આયોજન કરવામાં આવે છે. જેમાં હજારો ભક્તો જોડાયા છે.આ વર્ષે વિશેષ આતશબાજીનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આમ તો રામચરિતમાનસ અને રામાયણની ધાર્મિક માન્યતાઓ જણાવ્યા અનુસાર, ત્રેતાયુગમાં ભગવાન શ્રીરામે આશ્વિન મહિનાના શુક્લ પક્ષની દશમી તિથિએ લંકા પર વિજય મેળવી રાવણનો વધ કર્યો હતો. ત્યારથી આ દિવસને દશેરા અથવા વિજયાદશમી તરીકે ઉજવવામાં આવે છે.

આ પર્વ બુરાઈ પર અચ્છાઈ અને અસત્ય પર સત્યના વિજયનું પ્રતીક છે. જે આ વર્ષ ૨૦૨૬માં દશેરાના દિવસે રાવણ દહન આવતીકાલે એટલે કે ૨૦ ઓક્ટોબરે યોજશે.

અમદાવાદના બાપુનગર પોલીસે હેરોઈનના જથ્થા સાથે બે આરોપીઓને ઝડપી પાડ્યા છે

● અમદાવાદ,તા.૧૯

અમદાવાદ શહેરમાં નશીલા પદાર્થો સામેની કાર્યવાહી દરમિયાન બાપુનગર પોલીસે હેરોઈનના જથ્થા સાથે બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસની માહિતી અનુસાર, આરોપીઓ પાસેથી કુલ ૧૨૪.૧૧ ગ્રામ હેરોઈન,બે મોબાઈલ ફોન, રોકડ રકમ અને ટુ-વ્હીલર સહિત કુલ ૨૫,૭૪,૭૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ કાર્યવાહી શહેરમાં નશીલા પદાર્થોના વેચાણ અને હેરાફેરી સામે હાથ ધરવામાં આવેલી ઝુંબેશના ભાગરૂપે કરવામાં આવી હતી

અમદાવાદ પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓની સૂચના મુજબ શહેરમાં નશીલા પદાર્થોની હેરાફેરી અને સપ્લાય ચેન સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ અંતર્ગત બાપુનગર પોલીસ સ્ટેશનની એનડીપીએસ સ્ક્વોડ અને સર્વેલન્સ ટીમને સક્રિય રહેવા સૂચના આપવામાં આવી હતી.

દરમિયાન પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે બાપુનગર વિસ્તારમાં લલ્લુ રત્નાના છાપરા સામે સોનેરિયા બ્લોક નજીક જાહેર રસ્તા પર દરોડો પાડવામાં આવ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન બે શખસોને ઝડપી લેવામાં આવ્યા હતા.

પોલીસે પકડેલા આરોપીઓની ઓળખ રોહિત શેરસિંહ રાજપૂત (ઉંમર ૨૮ વર્ષ) અને આનંદ સોમાભાઈ પ્રજાપતિ (ઉંમર ૩૭ વર્ષ) તરીકે થઈ છે. બંને અમદાવાદના બાપુનગર વિસ્તારમાં સોનેરિયા બ્લોક ખાતે રહેતા હોવાનું પોલીસની માહિતીમાં જણાવાયું છે.

પોલીસે તેમની પાસેથી ૧૨૪.૧૧ ગ્રામ હેરોઈન, જેની કિંમત ૨૪,૮૨,૨૦૦ દર્શાવવામાં આવી છે, તે ઉપરાંત બે મોબાઈલ ફોનની કિંમત ૧૫,૦૦૦, રોકડ રકમ અને બર્ગમેન ટુ-વ્હીલર જપ્ત કર્યું છે. તમામ મુદ્દામાલની કુલ કિંમત ૨૫,૭૪,૭૦૦ હોવાનું જણાવાયું છે.

આ કેસમાં નાનુ ઉર્ફે ભાવેશ નટવરભાઈ પટણી અને ટીનાબેન પપ્પુભાઈ પટણી સહિત અન્ય સંડોવાયેલા શખસોને પકડવાના બાકી હોવાનું પોલીસની માહિતીમાં જણાવાયું છે. તેમની શોધખોળ સહિત વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

બાપુનગર પોલીસ સ્ટેશનમાં ગુનો નંબર ૧૧૧૯૧૦૦૭૨૬૦૪૯૮/૨૦૨૬ હેઠળ એનડીપીએસ એક્ટ ની કલમ ૮(સી) અને ૨૨(બી) મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસની માહિતી અનુસાર, પકડાયેલા બંને આરોપીઓ સામે અગાઉ પણ અલગ-અલગ પોલીસ સ્ટેશનોમાં ગુનાઓ નોંધાયેલા છે. જોકે, આ કેસમાં હેરોઈનનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને કોને પહોંચાડવાનો હતો તે સહિતની વિગતો તપાસ બાદ સ્પષ્ટ થશે.

સુપરહિટ ગુજરાતી રોમેન્ટિક-કોમેડી ફિલ્મ 'કરરસનદાસ પે એન્ડ યુઝ' ૨૨ ઓક્ટોબરથી જોજો (JOJO) એપ પર સ્ટ્રીમ થશે

● અમદાવાદ, ગુજરાત

" મયુર ચૌહાણ અને દીક્ષા જોશીની મુખ્ય ભૂમિકાવાળી આ લોકપ્રિય ગુજરાતી બ્લોકબસ્ટર ફિલ્મ રોમાન્સ, કોમેડી અને સામાજિક મુદ્દાઓના અનોખા સમન્વય સાથે જોજો એપ પર દર્શકોનું મનોરંજન કરવા આવી રહી છે.

લોકપ્રિય ગુજરાતી રોમેન્ટિક-કોમેડી ફિલ્મ 'કરરસનદાસ પે એન્ડ યુઝ' ૨૨ ઓક્ટોબરથી જોજો એપ પર સ્ટ્રીમ થવા માટે તૈયાર છે, જેનાથી ગુજરાતી સિનેમા પ્રેમીઓને આ અત્યંત પ્રિય ફિલ્મનો ઘર બેઠા આનંદ માણવાની વધુ એક તક મળશે.

કૃષ્ણદેવ યાજ્ઞિક દ્વારા દિગ્દર્શિત અને નિલાય ચોટાઈ તથા વૈશાલ શાહ દ્વારા નિર્મિત 'કરરસનદાસ પે એન્ડ યુઝ' ફિલ્મે તેની અનોખી વાર્તા, સરળ પાત્રો અને પ્રેમ, મહત્ત્વાકાંક્ષા તથા સામાજિક દ્રષ્ટિકોણ પરના મનોરંજક દ્રષ્ટિકોણથી દર્શકોનું દિલ જીતી લીધું હતું.

આ ફિલ્મ તિલક (મયુર ચૌહાણ)ની આસપાસ ફરે છે, જે તેના નાના ભાઈ સુંદર (હેમાંગ શાહ) સાથે મળીને પે-એન્ડ-યુઝ (જાહેર શૌચાલય)નો વ્યવસાય ચલાવે છે. તિલકને એક ઓટો-રિક્ષા ચાલક ચિનુભાની પુત્રી જયા (દીક્ષા જોશી) સાથે પ્રેમ થઈ જાય છે. જો કે, જયાના પિતા તિલકનો વ્યવસાય પસંદ કરતા નથી, જે તેમના સંબંધોમાં એક બાધારૂપ બને છે. પોતાની યોગ્યતા સાબિત કરવા અને પરિવારની સ્વીકૃતિ મેળવવા માટે તિલક તેના વ્યવસાયને આગળ વધારવા મક્કમ બને છે. આ પછી એક હૃદયસ્પર્શી સફર શરૂ થાય છે જે રોમાન્સ, હાસ્ય અને શ્રમની ગરિમા તથા સામાજિક પૂર્વગ્રહો વિશે એક સંદેશ આપે છે.

જોજો એપ પર ફિલ્મના ઉપલબ્ધ થવા વિશે વાત કરતા, જોજોના ફાઉન્ડર અને મેનેજિંગ ડિરેક્ટર ધ્રુવિન શાહે જણાવ્યું હતું કે, "જોજોમાં અમારું ધ્યાન દુનિયાભરના દર્શકો સુધી ગુજરાતી મનોરંજનને સુલભ બનાવવાનું છે. 'કરરસનદાસ પે એન્ડ યુઝ' એક સીમાચિહ્નરૂપ ફિલ્મ છે જે એક અસામાન્ય વિષયને હાસ્ય, રોમાન્સ અને અર્થપૂર્ણ સામાજિક સંદેશ સાથે જોડે છે. આ પ્રકારની ફિલ્મોને જોજો પર લાવવાથી અમને વિવિધ પેઢીઓ અને ભૂગોળોના દર્શકોને ગુજરાતી વાર્તાઓ સાથે જોડવામાં મદદ મળે છે."

આ ફિલ્મમાં મયુર ચૌહાણ, દીક્ષા જોશી, હેમાંગ શાહ અને ચેતન ડૈયા મુખ્ય ભૂમિકાઓમાં છે. તેનું સંગીત કેદાર અને ભાર્ગવ દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે, અને ગીતો ભાર્ગવ પુરોહિતના છે.

રિપોર્ટર ઘનશ્યામભાઈ રાવ સિનિયર સિટીઝન ગ્રુપના સદસ્ય જણાવે છેકે

આજરોજ તારીખ ૧૯/૧૦/૨૬ ને સોમવાર નારોજ. સાવલી તાલુકાના ભાદરવા ગામે બ્રહ્માણી માતા ના મંદિરે નવચંડી યજ્ઞ યોજાયો

ભાદરવા ગામના બ્રહ્મભટ્ટ પરિવાર ના કુળદેવી ના મંદિર ના પ્રાંગણમાં સ્વ ગોવિંદલાલ મૂળજીભાઈ બ્રહ્મભટ્ટ ના સંયુક્ત પરિવાર ના સભ્યો તરફ થી નવચંડી યજ્ઞ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.બ્રહ્મભટ્ટ પરિવાર સિવાય ના પણ ગામની આજુબાજુ ના ગામના પણ લોકોએ આ કાર્યક્રમ માં હાજર રહી અને ખુબજ આનંદ લીધો.પૂજા આરતીબાદ. મહાપ્રસાદ નો પણ આસ્વાદ માણ્યો અને ખુબજ રંગે ચંગે નવચંડી યજ્ઞ પૂરો થયો. આપ્રસંગે પધારેલ સૌનો સ્વ ગોવિંદલાલ મૂળજીભાઈ બ્રહ્મભટ્ટ પરિવાર તેઓ સર્વેનો આભાર વ્યક્ત કરેછે.જય બ્રહ્માની માતા

ભારત પેરેન્ટેરલ્સ લિમિટેડ

Corporate Identity Number (CIN): L24231GJ1992PLC018237

રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ: સર્વેનંબર ૧૪૪-એ, જરોદ-સમલાયા રોડ, વિલ. હરીપુરા, તા. સાવલી, વડોદરા-૩૯૧૫૨૦, ગુજરાત, ભારત. સંપર્ક નંબર: +૯૧ ૯૯૦૯૯૮૨૩૩૨ ઈમેલ: cs@bplindia.in વેબસાઈટ: www.bplindia.in

જાહેર નોટીસ

આથી સૂચના આપવામાં આવે છે કે SEBI પરિપત્ર નં. HO/38/13/11(2)2026-MIRSD-POD/I/3750/2026 તારીખ ૩૦ જાન્યુઆરી, ૨૦૨૬, કંપની દ્વારા સિક્યોરિટી ધારકના નામે રાખેલી સિક્યોરિટીઝ તેમના નામે ટ્રાન્સફર કરવા માટે નીચે મુજબની વિનંતી પ્રાપ્ત થઈ છે. આ સિક્યોરિટીઝ તેમના/તેણી/તેમના દ્વારા ખરીદવામાં આવી હોવાનો દાવો કરવામાં આવ્યો હતો અને તેમના/તેણી/તેમના પક્ષમાં ટ્રાન્સફર કરી શકાઈ ન હતી.

અનુ નં.	ફોલિયો નં.	સુરક્ષા પ્રકાર અને મૂળ કિંમત	શેરધારકનું નામ	શેરધારકનું નોંધાયેલ સરનામું	સિક્યોરિટીઝ નં.	પ્રમાણપત્ર નંબર	સૂચિત ટ્રાન્સફરીનું નામ	સૂચિત ટ્રાન્સફરીનું સરનામુ
૧	પીટી ૦૧૮૩૭	ઇક્વિટી અને ફેસ વેલ્યુ રૂ. ૧૦/- દરેકના	પ્રદીપ શેઠી	૩/૭ મલાર ગંજ ઇંદોર-મધ્યપ્રદેશ ૪૫૦૦૦૨	૧૦૦	૦૨૦૪૩૫૦૧-૦૨૦૪૩૬૦૦	શરદ પટોડી	૧૩૫/૧૩૬, રામચંદ્ર નગર, એરપોર્ટ રોડ, જૈન મંદિર નજીક, ઇંદોર, મધ્યપ્રદેશ ૪૫૨૦૦૭

ઉપરોક્ત સિક્યોરિટીઝના સંદર્ભમાં દાવો ધરાવનાર કોઈપણ વ્યક્તિએ આ તારીખથી ૩૦ દિવસની અંદર કંપનીના રજિસ્ટર્ડ ઓફિસ, સર્વે નં. ૧૪૪ એ, જરોદ સમલાયા રોડ, હરિપુરા, સાવલી, વડોદરા, ગુજરાત, ૩૯૧૫૨૦ ખાતે આવી સિક્યોરિટીઝ નોંધાવવી જોઈએ અને આવા દાવાને સમર્થન આપતા યોગ્ય દસ્તાવેજી પુરાવા પણ આપવા જોઈએ, નહીં તો કંપની કોઈપણ પ્રકારની સૂચના આપ્યા વિના સિક્યોરિટીઝ ટ્રાન્સફર કરવાની કાર્યવાહી કરશે.

તારીખ : ૨૦-૧૦-૨૦૨૬
સ્થળ: વડોદરા

ભારત પેરેન્ટેરલ્સ લિમિટેડ વતી
સહી/-શર્મિન સોની
કંપની સેક્રેટરી અને પાલન અધિકારી
ICSI Membership Number-ACS-75694

TATVA CHINTAN PHARMA CHEM LIMITED

CIN: L24232GJ1996PLC029894

Registered Office : Plot No. 502 / 17, GIDC Estate, Ankleshwar, Dist. Bharuch, Gujarat - 393 002
Website : www.tatvachintan.com **E-mail :** cs@tatvachintan.com **Tel. No. :** +91 75748 48533

EXTRACT OF CONSOLIDATED STATEMENT OF FINANCIAL RESULTS FOR THE QUARTER AND HALF YEAR ENDED 30 SEPTEMBER 2026

(Currency: Indian Rupees in Million, except per share data)

Sr. No.	Particulars	Quarter ended			Half year ended		Year ended
		30.09.2026 (Unaudited)	30.06.2026 (Unaudited)	30.09.2025 (Unaudited)	30.09.2026 (Unaudited)	30.09.2025 (Unaudited)	31.03.2026 (Audited)
1.	Total income from operations	2,173.20	1,670.55	1,235.16	3,843.75	2,403.80	5,058.58
2.	Net profit / (loss) for the period (before tax, exceptional and / or extraordinary items)	289.40	224.29	136.63	513.69	227.64	570.09
3.	Net profit / (loss) for the period before tax (after exceptional and / or extraordinary items)	289.40	211.11	136.63	500.51	227.64	570.09
4.	Net profit / (loss) for the period after tax (after exceptional and / or extraordinary items)	214.51	159.81	99.17	374.32	165.68	420.54
5.	Total comprehensive income / (expenses) for the period [comprising profit / (loss) for the period (after tax) and other comprehensive income / (expenses) (after tax)]	219.08	156.62	106.42	375.70	179.03	452.74
6.	Equity share capital	233.92	233.92	233.92	233.92	233.92	233.92
7.	Reserves (excluding revaluation reserve) as shown in the audited balance sheet of the previous year	-	-	-	-	-	7,583.67
8.	Earnings per share (of Rs. 10/- each) (not annualised)						
	- Basic:	9.17	6.83	4.24	16.00	7.08	17.98
	- Diluted:	9.17	6.83	4.24	16.00	7.08	17.98

KEY NUMBERS OF STANDALONE STATEMENT OF FINANCIAL RESULTS FOR THE QUARTER AND HALF YEAR ENDED 30 SEPTEMBER 2026

(Currency: Indian Rupees in Million)

Sr. No.	Particulars	Quarter ended			Half year ended		Year ended
		30.09.2026 (Unaudited)	30.06.2026 (Unaudited)	30.09.2025 (Unaudited)	30.09.2026 (Unaudited)	30.09.2025 (Unaudited)	31.03.2026 (Audited)
1.	Total income from operations (Net)	2,074.84	1,467.02	1,158.63	3,541.86	2,250.43	4,962.96
2.	Net profit / (Loss) before tax (before exceptional items)	204.37	154.12	123.43	358.49	193.97	531.65
3.	Net profit / (Loss) before tax (after exceptional items)	204.37	140.94	123.43	345.31	193.97	531.65
4.	Net profit / (Loss) after tax	153.87	104.46	89.41	258.33	140.74	390.82
5.	Total comprehensive income / (expenses)	154.33	104.92	88.72	259.25	139.35	392.56

Notes:

a) The Consolidated & Standalone Financial Results for the quarter and half year ended 30 September 2026, were reviewed by the Audit Committee and approved by the Board of Directors in their respective meetings held on 19 October 2026.

b) The above is an extract of the detailed format of Financial Results for the quarter and half year ended 30 September 2026, filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 as amended. The full format of Financial Results for the quarter and half year ended 30 September 2026, are available on the websites of the Stock Exchanges i.e. BSE Limited and National Stock Exchange of India Limited at www.bseindia.com and www.nseindia.com respectively and also on the Company's website at www.tatvachintan.com. The same can be accessed by scanning the QR Code provided below.

c) Figures for the previous periods / year have been reclassified / rearranged / regrouped to conform to classification of current period, wherever necessary.

For and on behalf of the Board of Directors of
Tatva Chintan Pharma Chem Limited
Sd/-
Chintan N. Shah
Chairman and Managing Director
DIN: 00183618

Place : Vadodara, Gujarat, India.
Date : 19 October 2026